પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-46 ■ તા. 30-11-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk




Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

### આ કાંસાની પ્રતિમા ૭૭ ફૂટ ઊંચી છે

# વડાપ્રધાને ગોવામાં વિશ્વની સૌથી ઊંચી ભગવાન રામની મૂર્તિનું અનાવરણ કર્યું

## પિએમ મોદી કહ્યું, કે આજે રામાયણ પર આધારિત થીમ પાર્કનું પણ લોકાર્પણ કરાયું છે, આગામી પેઢી માટે આ ધ્યાન, પ્રેરણા અને સાધના માટે કેન્દ્ર બનશે



કણકોણ, તા.૨૮

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગોવાના કણકોણમાં આવેલા શ્રી સંસ્થાન ગોકર્ણ જીવોત્તમ મઠમાં ભગવાન શ્રીરામની ૭૭ ફૂટ ઊંચી વિશ્વની સૌથી મોટી રામ પ્રતિમાનું અનાવરણ કર્યું છે. આ ભવ્ય પ્રતિમા ફેમસ મૂર્તિકાર રામ સુતારે બનાવી છે, જેમણે સ્ટેચ્યૂ ઓફ યુનિટી પણ ડિઝાઈન કરી હતી.

આ કાંસાની પ્રતિમા ૭૭ ફૂટ ઊંચી છે, જે તેને ભગવાન રામની અત્યાર સુધીની સૌથી ઊંચી સ્થાપિત પ્રતિમા બનાવે છે. અનાવરણ બાદ એક જાહેરસભાને સંબોધન કરતા પીએમ મોદીએ કહ્યું કે, શ્રી સંસ્થાન ગોકર્ણ પોર્ટુગીઝ જીવોત્તમ મઠ પોતાની સ્થાપનાના ૫૫૦ની વર્ષગાંઠ ઉજવી રહ્યું છે. વીતેલા ૫૫૦ વર્ષોમાં આ સંસ્થાએ સમયના કેટલાય ચક્રવાત વેઠ્યા છે. યુગ બદલાયો, સમય બદલાયો, દેશ અને સમાજમાં કેટલાય પરિવર્તન થયા, પણ બદલાતા યુગ અને પડકાર વચ્ચે આ મઠે પોતાની દિશા નથી ખોઈ, પણ મઠ લોકોને દિશા આપનારું કેન્દ્ર બનીને ઊભર્યું અને આ તેની સૌથી મોટી ઓળખ છે. આ અગાઉ, પ્રધાનમંત્રી મોદીએ સમારંભ દરમિયાન મઠ પરિસરમાં આવેલા મંદિરના દર્શન કર્યા અને પૂજા અર્ચના કરી. આ મઠ ભારતના સૌથી જૂના મઠવાસી સંસ્થામાંથી એક છે, જે પોતાની આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને સામાજિક યોગદાન માટે ઓળખાય છે અને સારસ્વત સમુદાયમાં એક મુખ્ય સ્થાન ધરાવે છે. ગુજરાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ડિઝાઈન કરનાર શિલ્પકાર રામ સુતાર દ્વારા બનાવવામાં આવેલી, તે વિશ્વની ભગવાન રામની સૌથી ઊંચી પ્રતિમા છે. ગોવાના રાજ્યપાલ અશોક ગજપતિ રાજુ, મુખ્યમંત્રી પ્રમોદ સાવંત, કેન્દ્રીય મંત્રી શ્રીપદ નાઈક અને રાજ્ય કેબિનેટ મંત્રીઓએ સમારોહમાં હાજરી આપી હતી. મઠ પરંપરાની ૫૫૦મી વર્ષગાંઠ નિમિત્તે ૨૭ નવેમ્બરથી ૭ ડિસેમ્બર સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. ગોવામાં મઠ સંકુલ ૩૭૦ વર્ષ પહેલાં કાનાકોના (દક્ષિણ ગોવા જિલ્લો) ના પર્તાગલ ગામમાં બનાવવામાં આવ્યું હતું. આ દિવસો દરમિયાન અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. દરરોજ ૭,૦૦૦ થી ૧૦,૦૦૦ લોકો મઠ સંકુલની મુલાકાત લે તેવી અપેક્ષા છે. ભગવાન રામની આ પ્રતિમા નોઈડા સ્થિત પ્રખ્યાત શિલ્પકાર રામ સુતારના માર્ગદર્શન હેઠળ બનાવવામાં આવી હતી, જેમણે ગુજરાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની પણ રચના કરી હતી. ભગવાન રામને ધનુષ્ય અને તીર ધારણ કરેલું દર્શાવતી આ પ્રતિમા મનમોહક છે. આ પ્રતિમામાં ભગવાન રામની દિવ્યતા અને સૌમ્યતા જોઈ અને અનુભવી શકાય છે. ૭૭ ફૂટની રામ ભગવાનની આ પ્રતિમા કાંસાંમાંથી બનાવાઈ છે. અનાવરણ પહેલાઁ સ મોદીએ મઠમાં દર્શન કરી પૂજા પણ કરી હતી. નોંધનીય છે કે આ મઠ ભારતનાઆ સૌથી પૌરાણિક મઠમાંથી એક ગણાય છે. આ મઠનું સારસ્વત સમાજમાં પ્રમુખ સ્થાન છે. આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને સામાજિક યોગદાન માટે આ મઠ જાણીતું છે. પ્રતિમાના અનાવરણ બાદઁ સ મોદીએ કહ્યું, કે શ્રી સંસ્થાન ગોકર્ણ જીવોત્તમ મઠે છેલ્લા ૫૫૦ વર્ષમાં અનેક વાવાઝોડા જોયા. યુગ બદલાયો, સમાજ તથા દેશમાં અનેક પરિવર્તન આવ્યા પણ અનેક પડકારો વચ્ચે પણ આ મઠ પોતાની દિશાથી ભટક્યું નહીં. PM મોદીએ વધુમાં કહ્યું, કે આજે રામાયણ પર આધારિત થીમ પાર્કનું પણ લોકાર્પણ કરાયું છે. આગામી પેઢી માટે આ ધ્યાન, પ્રેરણા અને સાધના માટે કેન્દ્ર બનશે. જ્યારે ગોવામાં મંદિરો અને સ્થાનિક પરંપરાઓ પર સંકટ ઊભું થયું ત્યારે પણ તે પરિસ્થિતિઓમાં પણ સમાજનો આત્મા નબળો થયો નહીં. ગોવાની વિશેષા રહી છે કે અહીંની સંસ્કૃતિએ પોતાનું મૂળ સ્વરૂપ જાળવી રાખ્યું અને સમય સાથે પુનર્જીવિત પણ કરી. જેમાં આ મઠ જેવી સંસ્થાઓનું મોટું યોગદાન રહ્યું. અયોધ્યામાં રામ મંદિરની પુનઃસ્થાપના, કાશીમાં વિશ્વનાથ ધામનો પુનરોદ્ધાર, ઉજ્જૈનમાં મહાકાલ મહાલોકનો વિસ્તાર આપણાં રાષ્ટ્રની જાગરૂકતાને દર્શાવે છે.

# ભારતના પ્રવાસે આવશે રશિયાના રાષ્ટ્રપતિ પુતિન


નવી દિલ્હી, તા.૨૮

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ડિસેમ્બરમાં ભારતના પ્રવાસે આવી રહ્યાં છે. તેમના કાર્યક્રમ વિશે જાણકારી સામે આવી ગઈ છે. પુતિન ૪ અને ૫ ડિસેમ્બરે ભારતના પ્રવાસે રહેશે. આ દરમિયાન તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સાથે-સાથે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સાથે મુલાકાત કરશે. પુતિનનો ભારતનો પ્રવાસ ખાસ રહેવાનો છે. અમેરિકાએ રશિયાથી તેલ ખરીદવાને કારણે ભારત પર ટેરિફ લાગૂ કર્યો હતો.

પ્રધાનમંત્રી મોદીએ પુતિનને ભારત આવવાનું આમંત્રણ આપ્યું હતું. તેઓ ૨૩મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલનમાં ભાગ લેશે. આ દરમિયાન મોદી-પુતિન વચ્ચે દ્વિપક્ષીય વાર્તા થશે. ક્રેમલિને પુતિનના પ્રવાસને લઈને જણાવ્યું કે તેની તૈયારી શરૂ થઈ ગઈ છે. તેમના આ પ્રવાસથી ભારત અને રશિયાના સંબંધ વધુ મજબૂત થશે.ઓગસ્ટમાં નેશનલ સિક્યોરિટી એડવાઈઝર અજીત ડોભાલના મોસ્કો પ્રવાસ દરમિયાન પુતિને ભારત આવવાની જાહેરાત કરી હતી. પરંતુ તે સમયે તેમના કાર્યક્રમની જાણકારી સામે આવી નહોતી. પીએમ મોદી અને પુતિન શંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટ દરમિયાન ચીનમાં મળ્યા હતા.

અમેરિકાને ભારત અને રશિયાની દોસ્તી પસંદ આવી રહી નથી. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર રશિયા પાસેથી તેલ ખરીદવાને કારણે ૫૦ ટકા ટેરિફ લગાવ્યો હતો. ટ્રમ્પે આ મુદ્દે ઘણીવાર નિવેદન પણ આપ્યા છે. પરંતુ તેમનું હવે ભારત પ્રત્યે કુણુ વલણ જોવા મળ્યું છે. ટ્રમ્પના ટેરિફ છતાં ભારતે રશિયા સાથે મજબૂત સંબંધ બનાવી રાખ્યા છે.

પુતિનના ભારતના પ્રવાસનો કાર્યક્રમ સામે આવ્યો છે. તેઓ ૪ અને ૫ ડિસેમ્બરે ભારતમાં હશે. પુતિન પીએમ મોદી અને રાષ્ટ્રપતિ મુર્મૂ સાથે મુલાકાત કરશે. ભારત રશિયા વચ્ચે ડિફેન્સ ડીલને લઈને ચર્ચા થઈ રહી છે.




16-11-2025_43 Jan Fariyad_P-1

# રાણપરી શાળાની કૃતિને ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં પ્રથમ સ્થાન



બરવાળા તાલુકાના ગણિત વિજ્ઞાન પ્રદર્શન ૨૦૨૫-૨૬માં વિભાગ ૧ 'ટકાઉ વિકાસ' અંતર્ગત રાણપરી પ્રાથમિક શાળાની ×પ્રકૃતિ તરફ પાછા વળો× કૃતિએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ પ્રદર્શન તાલુકા કક્ષાએ યોજાયું હતું.

શાળા તરફથી માર્ગદર્શક શિક્ષક શ્રી પટેલ પ્રજ્ઞેશકુમાર દશરથભાઈના માર્ગદર્શન હેઠળ બાળવૈજ્ઞાનિક શેલત તમન્ના અને રાઠોડ કીંજલબાએ આ કૃતિ રજૂ કરી હતી. તેમણે જીવામૃત બનાવીને દેશને ગાય આધારિત ખેતી અપનાવા માટે હાકલ કરી છે.

આ કૃતિ દ્વારા વિદ્યાર્થીઓએ પ્રકૃતિ સાથે સંકલન અને પર્યાવરણની જાળવણી માટેના પગલાં રજૂ કર્યા હતા. શિક્ષક શ્રી પટેલ પ્રજ્ઞેશકુમાર દશરથભાઈએ જણાવ્યું, ×વિદ્યાર્થીઓએ જીવામૃત તૈયાર કરીને કૃષિ ક્ષેત્રમાં પ્રયોગાત્મક અભિગમ બતાવ્યો છે.×

બાળવૈજ્ઞાનિકો શેલત તમન્ના અને રાઠોડ કીંજલબાએ જણાવ્યું કે, ×ગાય આધારિત ખેતીથી જમીનની ઉર્વરતા વધે છે અને પર્યાવરણને નુકસાન પહોંચાડ્યા વિના વધુ ઉત્પાદન મેળવી શકાય છે.×

શાળાના પ્રદર્શનને પ્રથમ સ્થાન મળવાથી સમગ્ર શાળા પરિવારમાં આનંદની લાગણી છે. શાળા સંચાલક મંડળે પણ વિદ્યાર્થીઓ અને શિક્ષકને અભિનંદન પાઠવ્યા છે.

તાલુકા કક્ષાએ મળી આવેલ સફળતા બાદ હવે આ કૃતિ વધુ ઉચ્ચ કક્ષાના પ્રદર્શન માટે પસંદ થવાની શક્યતા છે. ×આ વિજયથી શાળાનું નામ રોશન થયું છે,× શાળા તરફથી જણાવાયું હતું.

આ રીતે રાણપરી પ્રાથમિક શાળાની ટીમે ટકાઉ વિકાસ અને પર્યાવરણ જાળવણી ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

# અમદાવાદમાં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં વૈજ્ઞાનિક પ્રદર્શન

## ૫૦૦ વિદ્યાર્થીઓ અને ૬૦૦ વાલીઓએ વિજ્ઞાન પ્રોજેક્ટ્સ જોયા













આજ રોજ ૨૯ નવેમ્બર, ૨૦૨૫, શનિવારે, અમદાવાદના રામોલ વિસ્તારમાં આવેલી સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ દ્વારા નર્સરી તથા પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે સાયન્સ એક્સિબિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૫૦૦ વિદ્યાર્થીઓ અને ૬૦૦ જેટલા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓએ પોતાની હુનર તથા આવડતથી બનાવેલા વિવિધ વિજ્ઞાન પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કર્યું હતું.સ્કૂલના પ્રિન્સિપાલ ફાધર લોરેન્સે મુખ્ય મહેમાન તરીકે સમગ્ર ગુજરાત પ્રાંતના સંયોજક તથા સમાજ અગ્રણી શ્રી અરૂણસિંહ રાજપૂતજીને આમંત્રિત કર્યા હતા. શ્રી અરૂણસિંહ રાજપૂતે સ્કૂલ મેનેજમેન્ટ સાથે વિવિધ પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કર્યું હતું અને વિદ્યાર્થીઓના કાર્યને પ્રશંસા કરી હતી.વિદ્યાર્થીઓએ પ્રદર્શિત કરેલા વિજ્ઞાન પ્રોજેક્ટ્સમાં તેમની સર્જનાત્મકતા અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સ્પષ્ટ જોવા મળ્યો હતો. વાલીઓએ બાળકોના પ્રયત્નોને સરાહ્યા હતા અને સ્કૂલના શિક્ષકોના માર્ગદર્શનને મહત્વ આપ્યું હતું. એક્સિબિશન દરમિયાન વિદ્યાર્થીઓએ પોતાના પ્રોજેક્ટ્સ વિશે મહેમાનોને વિગતવાર માહિતી આપી હતી.મુખ્ય મહેમાન શ્રી અરૂણસિંહ રાજપૂતે વિદ્યાર્થીઓને ભાવિ ઘડતર માટે માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું, આવા કાર્યક્રમો વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક જિજ્ઞાસા અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવે છે. તેમણે પર્યાવરણ જાગૃતિ અંગે વિસ્તૃત માહિતી આપી અને બાળકોને પર્યાવરણની સંરક્ષણની મહત્વતા સમજાવી હતી.પ્રિન્સિપાલ ફાધર લોરેન્સે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓએ પોતાની મહેનત અને સર્જનાત્મકતા દ્વારા શાળાનું ગૌરવ વધાર્યું છે. વાલીઓ અને શિક્ષકોના સહયોગથી આ કાર્યક્રમ સફળ બન્યો છે. આ કાર્યક્રમમાં વાલીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને બાળકોના અભ્યાસ ઉપરાંત તેમની હુનરમાં પણ રસ દાખવ્યો હતો. સ્કૂલ મેનેજમેન્ટે જણાવ્યું હતું કે, આવનારા સમયમાં પણ આવા શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.વિજ્ઞાન પ્રદર્શનના અંતે મહેમાનોએ વિદ્યાર્થીઓને પ્રશસ્તિપત્રો આપી પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ અને ઉત્સાહભેર પૂર્ણ થયો હતો.

# ૧-વેનકુંવર (સ્ટેનલી પાર્ક)




૨૪ જુલાઈએ ક્રૂઝ પરનો છેલ્લો દિવસ, છેલ્લી રાત હતી. ૨૫મી જુલાઈની સવારે આંખ ખુલી ત્યારે ક્રૂઝ વેનકુંવર ડૉક પર ઊભી હતી. એ ક્ષણ એવું લાગ્યું કે, અરે હમણાં તો ક્રૂઝની સફર શરૂ થઈ છે અને આંખના પલકારામાં એ મઝાની સફર પૂરી પણ થઈ ગઈ !

જેટલું મળ્યું એના આનંદ સાથે મધુરેણ સમાપયેત્ જેવી સફર માટે ઈશ્વરનો આભાર માન્યો.

ક્રૂઝની સફર આરામદાયક તો ખરી જ સાથે એની દરેક વ્યવસ્થા વખાણવા જેવી. સવારે સાડા છ થી શરૂ થઈને આખી રાત સુધી ખુલ્લી રહેતી અલગ અલગ રેસ્ટોરાં, અનેકવિધ અન્ય સુવિધાની સાથે ક્રૂઝ પર દાખલ થઈએ ત્યારે અને પ્રવાસ પૂર્ણ થતા ક્રૂઝ છોડીએ ત્યાં સુધીની વ્યવસ્થા, વાહ..વાહ!

૨૫ જુલાઈની સવારે વેનકુંવર પહોંચવાનું હતું તે પહેલાં આગલી ૨૪ જુલાઈની રાત્રે દસ વાગ્યાથી સૌનો સામાન ક્રૂઝના કર્મચારીઓ દ્વારા લેવાઈ ગયો જે સીધો વેનકૂંવર ઉતર્યા ત્યાં ઈમિગ્રેશન સેન્ટર પર પહોંચી ગયો હતો.

અમારે તો બસ, ઈમિગ્રેશન સેન્ટર પર પહોંચીને બેગો પર લગાવેલ અમારા રૂમનાં નંબરના ટેગ જોઈને અમારો સામાન લઈ લેવાનો હતો.

ઈમિગ્રેશન વિધિ પૂરી કરી ત્યારે અગાઉથી બુક કરાવેલ મીની લક્ઝરીનો ચાલક- જહોન અમારી વાટ જોતો ઊભો હતો. સામાન લક્ઝરીના ટ્રંકમાં ગોઠવાયો ને શરૂ થઈ અમારી વેનકુંવર સિટી ટુર.

પર્વતીય પ્રદેશનાં પ્રાકૃતિક સૌંદર્યથી અલગ છતાં ફરવું ગમે એવા બ્રિટિશ કોલંબિયા-કેનેડાના, સૌથી વધુ આબાદીની સાથે પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતા પ્રશાંત મહાસાગરના તટે વસેલા મહાનગર વેનકુંવરમાં ફરવા માટે અમારી પાસે અગિયાર વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધીનો સમય હતો જેમાં મુખ્યત્વે સ્ટેનલી પાર્ક, કેપિલોના સસ્પેન્સન બ્રિજ, '્રી ફ્ઙહર્ષ્ટેદ્રીર્નિં' સેન્ટરના ટોપ ફ્લોર પર ૩૬૦ ડીગ્રી એંગલથી વેનકૂંવર જોવાનો પ્લાન થયો હતો.

કહે છે કે, દુનિયામાં રહેવાલાયક શહેરોમાં છેલ્લા કેટલાક વરસોથી વેનકુંવર પ્રથમ પાંચમાં આવે છે.

૧૭૯૨માં વેનકુંવર શહેરનું નામ નેવી ઑફિસર જ્યોર્જ વેનકુંવરના પરથી પડ્યું એ શહેરના ડાઉનટાઉન એરિઆમાં ફરતાં ફરતાં બે સૈકા દરમ્યાનના વિકાસનો અંદાજ કાઢી શકાયો. અનેકવિધ જાતિ, અંગ્રેજી, ફ્રેંચ જેવી અનેકવિધ ભાષાના સમન્વય સમું વેનકુંવર કેનેડાનું સૌથી મોંઘા શહેરોમાંનું એક ગણાય છે.

લક્ઝરી કોચમાં જ લગભગ ચાલીસેક મિનિટ ડાઉનટાઉનમાં ફરીને અમે સ્ટેન્લી પાર્ક તરફ જઈ રહ્યાં હતાં ત્યારે રસ્તામાંથી જ સ્ટેનલી પાર્ક દેખાવાની શરૂઆત થઈ. ૧,૦૦૧ એકરમાં ફેલાયેલા આ પાર્કમાં લગભગ પાંચ લાખ વૃક્ષો છે.

સાંભળીને જ ઓહોહો થઈ જવાયું. લાંબા અરસાથી આંખને ઠંડક આપે એવી આટઅટલી લીલોતરી જોવાની, એમાં ચાલવા, ફરવાના વિચારે જ મન પ્રફુલ્લિત..

૦૧૯ માં બ્રિટિશ કોલંબિયા-કેનેડા વિક્ટોરિયાની નજીક બુચાર્ટ ગાર્ડન જોયાનું સ્મરણ તાજું જ હતું. તે પછી આટલી પ્રાકૃતિક જાહોજલાલી પહેલી વાર જોઈ. જોકે, એ ગાર્ડન હતો અને આ હતો પાર્ક.

બુચાર્ટ ગાર્ડનમાં ઈટાલ્યન્ જૅપનીઝ, ચાઈનીઝ ફૂલઝાડની વિવિધતામાં ડિઝાઈનર ટચ હતો જ્યારે અહીં સ્ટેનલી પાર્કમાં પ્રાકૃતિક ફૂલઝાડનું પ્રમાણ ઘણું હતું.

સ્ટેનલી પાર્કમાં ચાલવા માટે ટ્રેક, બાળકો માટે પ્લે એરિઆ, એક્વેરિયમ સહિત અનેક આકર્ષણ તો છે જ સાથે ટોટેમની પણ ઘણી વિવિધતા પાર્કમાં પ્રવેશતાની સાથે જોવા મળી.

૨૦૧૪ ની ૧૮ મી જૂને સ્ટેનલી પાર્કને પ્રવાસ નિગમે 'વિશ્વનાં શ્રેષ્ઠ પાર્ક' તરીકે જાહેર કર્યો છે.


સ્ટેનલી પાર્ક એનાં પ્રાકૃતિક વાતાવરણને લઈને તો પ્રખ્યાત છે જ સાથે ૧૯૯૦ની સાલથી સ્ટેનલી પાર્કમાં ટેન્ટ નાખીને શાંતિથી જીવન જીવતા ક્રિસ બેઈલી નામના એક કાળા માથાનાં માનવીએ પણ સ્ટેનલી પાર્કને અનોખી ઓળખ આપી છે.

ક્રિસે શરૂઆતના ૧૭ વર્ષ ટોર્ચ અને મીણબત્તીના સહારે અને માત્ર ૩૦૦ ડૉલરના ખર્ચમાં પસાર કર્યા. આ વર્ષો દરમ્યાન તેઓ પાર્કના સંરક્ષણ અધિકારીઓ સાથે સંપર્કમાં રહ્યા. પ્રકૃતિ, પશુ અને પંખીના ચિત્રો બનાવવા એ એમનો શોખ હતો.

કેટલાય સમય સુધી સ્ટેનલી પાર્ક ફરવા આવનારમાંથી ભાગ્યે કોઈએ એમની નોંધ લીધી. ત્યારબાદ પોતાની કળા લોકો સુધી પહોંચાડવા ક્રિસે પાર્કની બહાર આવીને લોકોના દરવાજા ખટખટાવવા માંડ્યા ત્યારથી લોકોને ક્રિસની અને એમની કળાની જાણ થઈ.

જોકે, ક્રિસ બેઈલી માટે આ વસવાટ અત્યંત શાંતિપૂર્ણ હતો. અઠવડિયાં સુધી કોઈનીય સાથે વાત કર્યા વગર માત્ર મેડિટેશન, પ્રકૃતિના અભ્યાસ અને પેન્ટિંગ પાછળ સમય પસાર કરવો એ એમની મનગમતી પ્રવૃત્તિ રહી. હવે છેલ્લા કેટલાક સમયથી નિજાનંદ માટે ટેક્નૉલોજિનો ઉપયોગ કરે છે. જાતે મ્યૂઝિક કંપોઝ કરીને મોબાઈલમાં રેકોર્ડ કરે છે. પાર્કમાં અને બહાર આવનજાવન માટે સાઈકલનો ઉપયોગ કરે છે.

વર્ષો સુધી સ્ટેનલી પાર્કમાં રહીને એમણે પ્રકૃતિનું શાંત, સૌમ્ય તેમજ રૌદ્ર સ્વરૂપ જોયું અને અનુભવ્યું છે. ૭૫૦ વર્ષ જૂના વૃક્ષ પર થતી અસરના પણ એ સાક્ષી છે.



ક્રિસ બેઈલી વિશેની જાણકારીથી સ્ટેનલી પાર્ક વધુ રસપ્રદ લાગ્યો.

ઊંચી ઊંચી ક્રોંક્રીટની ઈમારતોની વચ્ચે પ્રકૃતિની સમૃદ્ધિની આવી જાળવણી જોઈને મન સાચે જ ખુશ થઈ ગયું.

સ્ટેનલી પાર્ક પછી અમારી સવારી ઉપડી કેપિલોના સસ્પેન્સન બ્રિજ તરફ, જેની વાત આવતા અંકે

આલેખનઃ રાજુલ કૌશિક (રાજુલનું મનોજગત )

# શતભિષાનો પ્રભાવ

Yogi Astrology અંક ૧૬૦માં આપ સૌનું સ્વાગત છે. ૨૮ નવેમ્બરથી શનિ દેવ માર્ગી બનશે. ત્યારબાદ શનિ દેવ ૧૩ દિવસ સુધી માર્ગી બની રહેશે. ગુરુ દેવ કર્ક રાશીમાંથી ૫ ડિસેમ્બર ફરીથી મિથુન રાશીમાં પ્રવેશે છે. આથી ગુરુ મિથુન કર્કમાંથી કર્ક અને ફરીથી મિથુન રાશીમાં. અહીં ગુરુ કર્ક રાશીમાં ફક્ત ૪૯ દિવસ રહ્યો હતો. આથી અહીં ગુરુની ચાલમાં ત્રણ ગણો વધારો થયો છે. જ્યારે ગુરુ આવી ગતીમાં હોય ત્યારે પ્રાકૃતિક ઘટના ઘણી બને. આ બધી ઘટના જોવા મળી હતી. હાલ થાઈલેન્ડમાં ભારે વર્ષાથી પૂર, થાઈલેન્ડમાં જ્યાં જોવા ત્યાં પાણી, આ ઉપરાંત તાઈવાન, યુ.કે., યુરોપ એવી ઘણી જગ્યા ભારે વર્ષાથી ઘણું નુકસાન થયું છે. હાલ વૃશ્ચિક રાશીમાં સૂર્ય-મંગળ હોવાથી તેજસ પ્લેન ક્રેશ, હવાઈ તથા અન્ય દેશમાં ફરીથી જ્વાલામુખી એક્ટિવ, કેલીફોર્નિયા બંદર (પોર્ટ) ઉપર આગ, યુક્રેન ઉપર બોમબારી થઈ રહી છે. એવી ઘણી ઘટના આગ ઉપર બની છે.

પાછલા અંકમાં રાહુ ૨૩ નવેમ્બરથી શતભિષા નક્ષત્રમાં પ્રવેશ કરે છે. આમ રાહુ ગોચરમાં દોઢ વર્ષ (૧૮ મહીના) રહે છે. રાહુની ચાલ ઊલટી હોય છે. હાલ રાહુ શની કુંભ રાશીમાં છે. ત્યારબાદ રાહુ કુંભમાંથી મકરમાં શનીની રાશીમાં રહેશે. કુંભ રાશીમાં રાહુ શતભિષામાં નક્ષત્ર આવી ગયો છે. કુંભ રાશીને રાહુની રાશી પણ કહેવામાં આવે છે. શતભિષા નક્ષત્ર પણ સ્વયં રાહુનું નક્ષત્ર છે. રાહુ પોતાના ઘરમાં આવવાથી તેનું બળ વધશે. આમ, રાહુ શતભિષા નક્ષત્ર ૧૮ વર્ષ પછી પાછો આવી રહ્યો છે. આમ આવનાર આઠ મહિના રાહુ સુપરપાવરમાં રહેશે. રાહુની રાશી અને પોતાનું નક્ષત્ર હોવાથી રાહુ તેમની આક્રમકતા બતાવશે. આ નક્ષત્ર રાહુના ત્રીજા ચરણમાં હોવાથી રાહુ ચરમસીમા ઉપર રહેશે. શતભિષા નક્ષત્રનું ચિત્ર જોશો તો તેમાં વરુણ દેવ પાણીમાં ઊભા છે. એક હાથમાં સોમરસ બીજા હાથમાં જડીબુટ્ટી જોવા મળે છે. આથી આવનાર આઠ મહિનામાં મેડિકલ ક્ષેત્રમાં ઘણી નવી પ્રગતિ, નવી દવાની શોધ જોવા મળશે. જ્યારે રાહુ કુંભ રાશીમાં કાર્લપુરુષની કુંડલી પ્રમાણે અગિયારમે બેઠો છે. આ સ્થાન લાભનું સ્થાન કહેવામાં આવે છે. આથી મેડિકલમાં લાભ થતો જોવા મળશે. આમ શતભિષા નક્ષત્ર એ પાણી તથા આકાશ બતાવે છે. આથી ટેક્નોલૉજીમાં નવી પ્રગતિ થતી જોવા મળશે. આ ઉપરાંત નક્ષત્ર આલ્કોહોલ, ડ્રગ્સ, ટોક્સીક દવા પણ બતાવે છે. આ નક્ષત્રમાં આકાશ તત્ત્વ હોવાથી રાહુ જેમ ઝડપથી વધે છે. આ સમય દરમ્યાન અફવા, ન્યુઝ, ફેંક્ષી કાર્યક્રમ વધારે જોવા મળશે. આ નક્ષત્રની જાતિ બુચર (મ્ેંષ્ઠરી) હોવાથી એગ્રેસીવ બનશે. આ નક્ષત્ર ઘોડાની યોની હોવાથી ઘોડાની જેમ ઝડપથી ભાગશે. આથી નવી ટેક્નોલૉજીમાં પ્રગતિ થતી જોવા મળશે. આ નક્ષત્રની જાતિ મ્ેંષ્ઠરીહોવાથી આવનાર આઠ મહિના ઈસ્લામિક દેશોમાં ઘણી હલચલ થતી જોવા મળશે. તેમાં હાલ પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, હમાસ, ઈરાન, તુર્કી એવા ઘણા દેશોમાં હાલ હલચલ ચાલુ થઈ ગઈ છે. આગળ જતાં કોઈ ખોટા નિર્ણયથી ભારે નુકસાની સહન કરવી પડશે. પાછલા અંકમાં આ નક્ષત્ર માટે લખ્યું હતું કે ન્યુક્લિયર ઉપર કોઈ હલચલ થતી જોવા મળશે.

આ ઉપરાંત આ નક્ષત્રથી આતંકવાદી ઘટના થતી જોવા મળશે. આ નક્ષત્રથી મોટા નેતાનું સેક્સ કૌભાંડ બહાર આવશે. આ નક્ષત્રથી આલ્કોહોલથી મૃત્યુદર વધશે. આ નક્ષત્ર રાહુમાં આવવાથી સીક્રેટ એજન્સી ઘણી એક્ટિવ રહેશે. આવનાર આઠ મહિના ન્યુઝમાં ઘણી બ્રેકિંગ ન્યુઝ જોવા મળશે. દેશ-દુનિયામાં અફવાનું વાતાવરણ રહેશે. નામી વ્યક્તિનું સેક્સ કૌભાંડ તથા ડ્રગ્સ કૌભાંડ બહાર પડશે.

શતભિષા નક્ષત્રમાં રાહુ આવવાથી તેનો યોગ્ય ઉપયોગ કરીને તમારી જીવનમાં પ્રગતિ કરી શકો. આવનાર સમયનો ઉપયોગ જરૂરથી કરશો. આવનાર આઠ મહિના સ્ટૉક માર્કેટમાં તેજી જોવા મળશે, તેમાં ખાસ આલ્કોહોલ, મેડિકલ, ટેક્નોલૉજીના સ્ટૉક આસમાને જશે. રાજકીયમાં ઉથલપાથલ થતી જોવા મળશે. જેમાં પાર્ટી તૂટીને નવો પક્ષ બનાવવાની ઈલેક્શન માટે મજબૂર કરવું. ભારત, અમેરિકા માટે આવનાર આઠ મહિના ઘણા મહત્વના રહેશે. ટ્રંપની કુંડલીમાં સૂર્ય, રાહુ, દસમે બેઠો છે. આથી તેમણે કોઈ કારણસર સત્તા ઉપરથી હટવું પડે. ૨૦૦૭ થી ૨૦૦૮ દરમ્યાન પણ રાહુ શતભિષા નક્ષત્રમાં હતો ત્યારે અમેરિકામાં આર્થિક મંદી જોવા મળી હતી. તે સમય દરમ્યાન પ્રોપર્ટીના ભાવ કોડી જેવા થઈ ગયા હતા. આવનાર સમયમાં પણ અમેરિકામાં આર્થિક મંદી જોવા મળશે. હાલ આર્થિક મંદી છે તેમાં વધારો જોવા મળશે. ૨૦૦૮માં અમેરિકામાં ઘણી બેંક બંધ થઈ હતી. તેવું ફરીથી જોવા મળશે.

સ્ટૉક માર્કેટમાં તેજી પણ આવશે સાથે-સાથે મંદી પણ આવશે. રાહુ હંમેશા ભ્રમ ફેલાવે છે. સ્ટૉક ઉપર પણ લઈ જશે અને પાછો નીચે પણ આવશે આથી તમારે ટૂંક સમયમાં પ્રોફિટ કરીને નીકળી જવું. પહેલો આઈફોન ૨૦૦૭માં શતભિષા નક્ષત્ર વખતે આવ્યો હતો આથી આ નક્ષત્ર નવી ટેક્નોલૉજીમાં વધારો કરે છે. તેવા સ્ટોકમાં રૂપિયાનું લાંબા સમય માટે રોકાણ કરવું. શતભિષા એટલે ૧૦૦ તારાનું એક નક્ષત્ર. આવનાર સમયમાં વિશ્વમાં વિદ્રોહનું પ્રમાણ વધશે. રાહુમાં ખોટા નિર્ણય લેવાથી લોકોમાં અસંતોષનું પ્રમાણ વધશે. ૨૭ ડિસેમ્બર ૨૦૦૭ના રોજ બેનઝીર ભૂટ્ટોનું મર્ડર આ નક્ષત્ર સમયે થયું હતું. ૧૯૮૯ના રોજ રાહુ શતભિષા હતો ત્યારે ચીનમાં Tianonmen Square PrOests થયું હતું. આ બે ઉદાહરણ હોવાથી કોઈ રાજકીય નેતાનું મૃત્યુ બતાવે છે તથા વિદ્રોહ પણ મોટા થતાં બતાવે છે. હાલ અમેરિકાની રાહુની દશા પણ ચાલે છે. ટ્રંપ માટે આવનાર સમય સારો નથી. અમેરિકામાં ટુકડા થાય એવી ગંભીર પરિસ્થિતી બતાવે છે. અમેરિકા માટે આવનાર આઠ મહિના ભયંકર રહેશે. આ સમય દરમ્યાન વિશ્વમાં જે-તે દેશ રાહુની પકડમાં રહેશે, તેવા દેશોએ વધારે સાવધાની રાખવી પડશે.

રાહુના ઉપાય જરૂર કરવાથી ફાયદા થશે. જેમાં રાહુ મંત્ર રાત્રે ૮ થી ૧૦ વાગ્યે ૧૦૮ માળા કરવી તથા તમારું ફેઈસ, જીઈ અથવા દ્બઉ રાખીને કરવી, શિવપૂજા કરવી, પક્ષીઓને પાણી-દાણા નાંખવા, માર્ચ થી ઓગસ્ટનો સમય ઘણો ખરાબ રહેશે. આ સમય દરમ્યાન ઘણા આંતરિક તથા બાહ્ય ઘર્ષણ જોવા મળશે. તથા આંતકવાદી ઘટના પણ બની શકે. આ સમય દરમ્યાન લોકો પોતાનો આત્મસંયમ ખોઈ નાખશે.

Yogi Astrologyની મુલાકાત લઈ તમારી સમસ્યાને જરૂરથી હલ કરશો. મારી મુલાકાતથી તમને યોગ્ય માર્ગદર્શન આપીને તમારા કાર્યમાં આવતી રૂકાવટ દૂર કરી આપીશું. તમારી દરેક પ્રકારની પૂજા કરાવી આપીશું. મારો સંપર્ક નંબર +૧ ૬૪૭-૨૮૬-૩૭૩૪ છે.




Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad
& published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું

16-11-2025_43 Jan Fariyad_P-2